ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# રજાઓના માહોલ વચ્ચે શહેર સુમસામ બન્યુ

**સરકારી કચેરીઓમાં બે દિવસની સળંગ રજા હોવાથી ગાંધીનગર સુમસામ બન્યું : પરીક્ષાઓના કારણે વસાહતીઓ ઘરમાં જ રહેતા હોવાથી બધા જ સ્થળોએ ભીડ ઓછી**

ગાંધીનગર, તા.૩

સરકારી કચેરીઓમાં સળંગ બે દિવસની રજા હોવાથી શહેરમાં જાણે ચહલપહલ સાવ ઓછી થઈ ગઈ છે. શહેરમાં કયાંય ભીડ જોવા મળતી નથી. શાકમાર્કેટ સહિત બજારોમાં તમામ વેપારીઓ ગ્રાહકોના અભાવે નવરા બેસી રહ્યા છે. પરીક્ષાઓ સીધી અસર શહેરમાં જોવા મળી રહી છે. વસાહતીઓ જાણે બહારગામ જતાં રહ્યા હોય તેવો સુનકાર હાલમાં જોવા મળી રહ્યો છે. સેકટરોના આંતરિક રસ્તાઓ અને વિસ્તારોમાં અવરજવર સાવ ઓછી જોવા મળી રહી છે. રજાઓ હોવા છતાં હરવા ફરવાના સ્થળોએ પણ માત્ર ગણ્યા ગાંઠ્યા લોકો જ જોવા મળે છે. બાળકોને



(તસવીર : દિપક જાની)

હોવાથી વસાહતીઓએ ઘરની બહાર નીકળવાનું ટાળતા આખા શહેરમાં શાંતિ જોવા મળી રહી છે.

ગાંધીનગરની એક ઓળખ કર્મચારીનગર તરીકેની પણ છે. જો ઓફિસો બંધ હોય તો કર્મચારીઓની અવરજવર સાવ બંધ થાય છે અને શહેર આખુ સુમસામ બની જાય છે. હાલમાં સરકારી કચેરીઓમાં રજાઓનો માહોલ ચાલી રહ્યો છે. જેની પરીક્ષાઓ હોવાથી વસાહતીઓ ઘરની બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. બજારોમાં ગ્રાહકોની સાવ ઓછી અવરજવર હોવાથી બજારો પણ ખુબ વહેલા બંધ થઈ જાય છે. સાત-આઠ વાગે દુકાનો બંધ થવા લાગે છે તો ખાણી પીણીની દુકાનો, હોટલો પણ સાડા દસ થવા સુધીમાં બંધ થતી જોવા મળે છે. વાહનોના અભાવે મુખ્ય માર્ગો પણ જાણે સુમસામ બન્યા છે.



હાટકેશ જયંતિ - નાગરોના ઈષ્ટદેવ હાટકેશ દાદાની જન્મજયંતિની ઉજવણી ભારે ધામધૂમથી કરાઈ હતી. ગાંધીનગરમાં વીસનગરા નાગર પરિવાર દ્વારા પાલખી યાત્રા અને સાંજે નગરયાત્રા યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં નાગર પરિવારો જોડાયા હતા. (તસવીર : કશ્યપ નિમાવત, દિપક જાની)

# સોમવારથી શાળાકીય વાર્ષિક પરીક્ષા

**બોર્ડની પરીક્ષાઓ પૂર્ણ થતાં જ પ્રાથમિક શાળાઓમાં પરીક્ષાઓ શરૂ થઈ**

ગાંધીનગર, તા.૩

શૈક્ષણિક વર્ષ હવે પુર્ણતાના આરે છે. બધી જ શાળાઓમાં અભ્યાસક્રમ પૂર્ણ થઈ ચુકયો છે. બોર્ડની પરીક્ષાઓ પૂર્ણ થયા બાદ હવે શાળાકીય પરીક્ષાઓ શરૂ થઈ છે. મોટા ભાગની પ્રાથમિક શાળાઓમાં પરીક્ષાઓ શરૂ થઈ ચુકી છે

શાળામાં અભ્યાસ કરતાં બાળકો આજકાલ પરીક્ષાની તૈયારીમાં જોતરાયા છે. બોર્ડની પરીક્ષાઓ હજુ હમણાં જ પુર્ણ થઈ છે. ધો-૧૦ અને ૧૨ની પરીક્ષાઓ પુર્ણ થતાં જ શાળાકીય પરીક્ષાઓ શરૂ થઈ છે. એપ્રિલના મધ્ય સુધી વાર્ષિક પરીક્ષાઓ પુર્ણ કરવાની હોવાથી અને તે દરમિયાન બે ત્રણ રજાઓ આવતી હોવાથી મોટા ભાગની શાળાઓમાં પરીક્ષાઓ શરૂ થઈ ચુકી છે. ચિત્ર, કોમ્પ્યુટર જેવા ઈતર વિષયોની પરીક્ષાઓ તો કયારનીય લેવાઈ ગઈ છે હવે મુખ્ય વિષયોની પરીક્ષાઓ શરૂ થઈ છે. વાર્ષિક પરીક્ષાઓ હોવાથી વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ પરીક્ષાની તૈયારીમાં જોતરાયા છે. ટયુશનમાં પણ વધારાના વર્ગો ચાલી રહ્યા છે જેથી બાકી રહેલો અભ્યાસક્રમ અને રીવીઝન ઝડપથી પુર્ણ થઈ શકે. વિદ્યાર્થીઓ હાલમાં પરીક્ષાની તૈયારીમાં ગળાડુબ બન્યા હોવાથી બગીચાઓમાં રમતના મેદાનોમાં તથા હરવા ફરવાના સ્થળોએ ખુબ ઓછી ભીડ જોવા મળે છે. સેકટરનાં બગીચાઓ બાળકો રમવા આવતા ન હોવાથી સુના લાગી રહ્યા છે. હવે પરીક્ષાઓ પુર્ણ થશે પછી જ બાળકો ઘરની બહાર જોવા મળશે. પરીક્ષાઓ શરૂ થઈ ગઈ હોવાથી સ્ટેશનરીની દુકાનો પર પેન, પેન્સિલ સહિતની પરીક્ષાલક્ષી સામગ્રીની ખરીદી માટે ભીડ જોવા મળે છે.

# સે-૧ થી ૫ના આંતરિક માર્ગોની સુધારણા માટે ટૂંકમાં દરખાસ્ત થશે

**પેવર બ્લોકની કામગીરી બાદ રસ્તાઓનું લેવલ નીચુ જતું રહ્યું છે**

ગાંધીનગર, તા.૩

શહેરના નવ વિકસિત વિસ્તારમાં આંતરિક માર્ગોની કામગીરીનો નિયત સમયગાળો પૂર્ણ થઈ ગયો હોવાથી આગામી દિવસોમાં સે-૧ થી ૫ના માર્ગોની સુધારણા માટે તંત્ર દ્વારા દરખાસ્ત કરવામાં આવશે.

ગાંધીનગરના ૫૧૪ કીમીના રોડ નેટવર્કને ચકાચક બનાવા તંત્ર દ્વારા તબક્કાવાર માર્ગોની સુધારણા તેમજ નવીનીકરણનું કામ હાથ ધરવામાં આવે છે. ગત વાઈબ્રન્ટ સમિટ પૂર્વે જ નગરના મોટાભાગના માર્ગોની સુધારણા હાથ ધરવામાં આવી હતી. આ ઉપરાંત પૂર્વે નગરના જૂના સેકટરોમાં પણ આંતરિક માર્ગોનું કામ હાથ ધરાયું હતું. જો કે શહેરના મુખ્ય 'ઘ' માર્ગની પણ ચાર વર્ષના અંતે માર્ગ નવીનીકરણ માટે દરખાસ્ત કરવામાં આવશે. 'ઘ' માર્ગ સિવાયના તમામ માર્ગોને થોડા સમય અગાઉ ચકાચક બનાવી દેવાયા છે. બીજી તરફ શહેરના જૂના સેકટરોમાં સ્થિત સરકારી વસાહતના રસ્તાઓનું કામ હાથ ધરવા પણ તંત્ર દ્વારા દરખાસ્ત કરવામાં આવશે. આ ઉપરાંત નગરના સે-૧ થી ૫ સેકટરોના આંતરિક રસ્તાઓના નવીનીકરણનું કામ અંદાજે ચાર વર્ષ અગાઉ હાથ ધરાયું હતું. જેને ધ્યાને લઈ માર્ગોની હાલત સુધારવા આ મામલે તંત્ર દ્વારા વિભાગને ટુંકમાં દરખાસ્ત કરાશે. હાલ સેકટરોના રીંગરોડ આસપાસ હાથ ધરાયેલ પેવર બ્લોકની કામગીરીને અનુલક્ષી આગામી તબક્કામાં વરસાદી પાણીની સમસ્યા ન સર્જાય તે માટે સ્ટોર્મ વોટરલાઈનના કામને અગ્રતા ધોરણે હાથ ધરવામાં આવે તેવી પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

# સ્વર્ણિમ પાર્કની સિકયુરીટીને આખરે ડ્રેસ કોડ અપાયો

ગાંધીનગર, તા.૩

સ્વર્ણિમ પાર્કમાં સાંજ ઢળતા જ સહેલાણીઓની ભીડ જામે છે. પાર્કમાં આવતા મુલાકાતીઓને ધ્યાને લઈ પાર્કની જાળવણીની જવાબદારી સંભાળતી એજન્સી દ્વારા આખરે સિકયુરીટી ગાર્ડને ડ્રેસ કોડ આપી દેવાયો છે. શહેરના હાર્દસમા વિસ્તારમાં કરોડોના ખર્ચે નિર્માણ કરાયેલા સ્વર્ણિમ પાર્કમાં રોજબરોજ હજારો મુલાકાતીઓની અવર જવર રહે છે. વોટરબોડી, વિવિધ પ્રકારના પ્લાઝા, હરિયાળી લોન અને પ્લાન્ટેશન સહીતના આકર્ષણોથી નિખરતા પાર્કની જાળવણી પાછળ પણ તોતિંગ ખર્ચ કરવામાં આવી રહ્યો છે. નગરની આગવી ઓળખ સમા સ્વર્ણિમ પાર્કમાં હાલ વેકેશનનો સમયગાળો શરૂ થતા રાત્રિના સમયે ભીડભાડ જોવા મળે છે. દિવસની આકરી ગરમીના અંતે હરિયાળી લોનમાં ઠંડક મેળવવા પરિવારજનો સ્વર્ણિમ પાર્કમાં બેઠક જમાવે છે. આવા સંજોગોમાં પાર્કમાં કોઈ પણ પ્રકારની ગેરશિસ્ત ન થાય તે માટે સિકયુરીટીનો ચોકી પહેરો ગોઠવવામાં આવ્યો છે. અત્યાર સુધી આ સિકયુરીટી ગાર્ડસ ડ્રેસમાં ન હોવાથી સહેલાણીઓ સાથે પણ શાબ્દિક ચકચક થતી હોવાના કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા હતા. જેને ધ્યાને લઈ પાર્કમાં ફરજ બજાવતા ૮ જેટલા સિકયુરીટી જવાનોને ડ્રેસ કોડ આપી દેવાયો છે.

# ભાજપની પ્રદેશ કારોબારી ૧૨મીએ

અમદાવાદ, તા.૩

ભારતીય જનતા પાર્ટીની પ્રદેશ કારોબારીની બેઠક તા. ૧૨મી એપ્રિલેના રોજ ગાંધીનગર ખાતે મળશે. ભાજપના પ્રદેશ પ્રમુખ આર.સી.ફળદુના અધ્યક્ષ સ્થાનેપ્રદેશ કારોબારીની બેઠક ગાંધીનગર કોબા સર્કલ પાસે આવેલા ભાજપ કાર્યાલય શ્રી મંગલન ખાતે મળશે. બેંગલોરમાં ચાલી રહેલી ભાજપની રાષ્ટ્રીય કાર્યકારિણીની બેઠકનો આવતીકાલે શનિવારે અંતિમ દિવસ છે. આ બેઠકમાં લેવાનાર નિર્ણયો તથા પક્ષને અપનારી દિશા નિર્દશો અંગે ગુજરાતની પ્રદેશ કારોબારીની બેઠકમાં ચર્ચા થશે અને પક્ષના કાર્યક્રરોના ત્વરિતા અમલથી દિશામાં પણ તજવીજ હાથ ધરાશે. આ ઉપરાંત ગુજરાતના આનંદીબેન પટેલની સરકાર નિર્ણયોને તથા રાજય સરકાર સિધ્ધીઓને પ્રજા સુધી પહોંચાડવાની દિશામાં પણ કેટલાક કાર્યક્રમો નક્કી કરાશે અને રાજય સરકાર તથા પક્ષના સંગઠન વચ્ચે નરેન્દ્ર મોદીના દિલ્હી ગયા બાદ સુધી રહેલા અંતર અંગે પણ ગંભીરતા પૂર્વક ચર્ચા કરાશે.

# વર્તમાન નાણાકીય વર્ષ માટે વિભાગોને ગ્રાન્ટ વપરાશ અંગે વહીવટી મંજુરીઓ અપાઈ

ગાંધીનગર, તા. ૩

નવા નાણાંકીય વર્ષ માટે ફાળવવામાં આવેલ ગ્રાન્ટ વપરાશ માટે તમામ વિભાગોને નાણા વિભાગ દ્વારા વહીવટી મંજુરીઓ આપી દેવામાં આવી હોવાનું જાણવા મળે છે.

નાણા વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ અંદાજપત્ર મંજુર થયા બાદ વિભાગોને ફાળવવામાં આવેલ ગ્રાન્ટ વપરાશ અંગે વહીવટી મંજુરીઓ આપવામાં અગાઉ વિલંબ થતો હતો જેના કારણે વર્ષ પૂર્ણ થાય ત્યાં સુધીમાં વિભાગ દ્વારા પૂરો ખર્ચ થઈ શકતો ન હતો.

આથી આ પ્રથામાં રાજય સરકારે બદલાવ લાવીને માર્ચ મહિનામાં જ બજેટ મંજુર થાય તેની સાથે જ વિભાગોને ફાળવવામાં આવેલ ગ્રાન્ટ વાપરવા અને ખર્ચ કરવા માટેની વહીવટી મંજુરી આપવાની નવી પ્રથા અમલી બનાવી છે. જે અંતર્ગત આગામી નાણાકીય વર્ષ-૨૦૧૫-૧૬ માટે વિભાગોને ફાળવવામાં આવેલી ગ્રાન્ટ એપ્રીલ માસથી જ વાપરી શકાય તે માટે નાણા વિભાગ દ્વારા દરેક વિભાગોને વહીવટી મંજુરીઓ આપી દેવામાં આવી હોવાનું જાણવા મળે છે.

વિભાગોને ખર્ચ માટે વહીવટી મંજુરી આપી દેવામાં આવતા હવે દરેક વિભાગો આગામી એપ્રીલ માસથી જ ગ્રાન્ટમાંથી ખર્ચ કરી શકશે અને નાણા વિભાગ દ્વારા દર ત્રીમાસિક ગ્રાન્ટ વપરાશ અંગેની સમીક્ષા કરવામાં આવશે અને જે વિભાગ દ્વારા ઓછા ખર્ચ કરવામાં આવશે તે વિભાગને પુરતો ખર્ચ કરવા માટેની સૂચનાઓ આપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.



કાચી કેરીનું આગમન - ઉનાળાનો આરંભ થતાં જ ગૃહિણીઓ અથાણા - અને મસાલા ભરવાની કામગીરીમાં ગળાડૂબ થઈ જતી હોય છે... બજારમાં અથાણા માટેની કેરીનું આગમન થઈ ગયું છે... ગૃહિણીઓ હવે ચટાકેદાર અથાણા બનાવવામાં લાગી જશે...

(તસવીર : કશ્યપ નિમાવત)

પાંચમી વાર્ષિક પૂણ્યતિથીએ
શ્રદ્ધાંજલિ



સ્વ.શ્રી રણજીતસિંહ બળદેવસિંહ ડાભી (પી.આઇ)
સ્વ. તા. ૦૪-૦૪-૨૦૧૦

સત્કાર્ય આપની શોભા હતી, સજ્જનતા આપની સુવાસ હતી,
ઉદારતા આપનું જીવન હતુ, પરોપકાર આપનું રટણ હતું,
પ્રભુ આપના દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે એજ પ્રાર્થના..

ગંગા.સ્વ. કૈલાષબા રણજીતસિંહ ડાભી

ડાભી કરણસિંહ આર. | ડાભી કિશોરસિંહ આર. | ડાભી વિજયસિંહ આર.
ડાભી નયનાબા કે. | ડાભી કુસુમબા કે. | ડાભી સોનલબા વી.
ડાભી રૂદ્રરાજસિંહ કે. | ડાભી પ્રિન્સવર્ધન કે. | ડાભી દિવ્યરાજસિંહ વી.
ડાભી બાબુસિંહ લક્ષ્મણસિંહ



ઝિયારત / બેસણું

સખેદ જણાવવાનું કે, **હાજી અલારખભાઈ હાસમભાઈ મનસુરી (રાંધેજાવાળા)** તા. ૩-૪-૨૦૧૫ને શુક્રવાર, મુ. ચાંદ-૧૩ના રોજ ખુદાપાકની રહેમતમાં જન્નતનશીન થયેલ છે. **મર્હુમની ઝિયારત તા. ૫-૪-૨૦૧૫, રવિવારના રોજ સવારે ૧૦ કલાકે** રાખેલ છે અને **બેસણું તા. ૫-૪-૨૦૧૫, રવિવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે** રાખેલ છે.

સ્થળ : 'નૈયા', પ્લોટ નં. ૬૫૬/૨, ચ-૭ કોર્નર, સેક્ટર-૨૯, ગાંધીનગર.

દુઆગીર

સમીરભાઈ દાઉદભાઈ મનસુરી
સાજીદભાઈ દાઉદભાઈ મનસુરી
હસિત ઈકબાલભાઈ મનસુરી
યાસીન કાસમભાઈ મનસુરી
યાફી સમીરભાઈ મનસુરી
ઝરીન યુસુફભાઈ મનસુરી
મહંમદભાઈ હાસમભાઈ મનસુરી
દાઉદભાઈ હાસમભાઈ મનસુરી
ઈકબાલભાઈ અલારખભાઈ મનસુરી
યુસુફભાઈ અલારખભાઈ મનસુરી
કાસમભાઈ મહંમદભાઈ મનસુરી

ફર્મ : અભય ડેકોરેટર્સ - ૯૮૨૪૦ ૪૯૫૦૩, ઝરીન કેટરીંગ પ્રા. લિ., ભારત આયર્ન વર્કસ.

ટચુકડી જાહેર ખબર

દર ગુરુવારે-રવિવારે જાહેરાતનું અસરકારક માધ્યમ

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

## 'નોટબુક-ચોપડા'ની કામગીરી માટેનું ટેન્ડર

**શ્રી જલારામ સેવા સમાજ, ગાંધીનગર**

C/o. જલારામ ધામ, સેક્ટર-૨૯, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૩૬૧૪

શ્રી જલારામ સેવા સમાજ, ગાંધીનગર દ્વારા નોટબુક ૧૦૦ ડઝન તથા ચોપડા ૪૦૦ ડઝન બનાવવા માટે આ કામના જાણકાર પ્રિન્ટીંગ પ્રેસ પાસેથી ભાવ માંગવામાં આવે છે. ભાવપત્રકો તા. ૧૧/૪/૨૦૧૫ના સાંજે પાંચ વાગ્યા સુધી મેનેજર, શ્રી જલારામ મંદિર, સેક્ટર-૨૯ને મોકલી આપવાના રહેશે.

મંત્રી
સેવંતીલાલ જે. ઠક્કર
જલારામ સેવા સમાજ, ગાંધીનગર

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR.FIXIT
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૯
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com